દેશદાજ એ ઇમાનનો એક જ ભાગ જ છે
- કુરાન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૪૭ | ૬ ઓગષ્ટ, ૨૦૧૩, મંગળવાર; અષાઢ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રોગચાળાના ભય સામે તંત્ર મિશન મોડ પર

## શહેરમાં ૪૦ વોટર લોગીંગ સાઈટો તેમજ બંધ મકાનોની ટાંકીઓની સફાઈના મુદ્દે પાટનગર યોજનાને અહેવાલ આપવા કલેકટરની તાકીદ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લામાં ચોમાસાની સિઝનમાં બે માસના ગાળામાં થતાં વરસાદ કરતાં ૨૨ ટકા જેટલો વરસાદ વધુ નોંધાતા ઉભા થયેલા રોગચાળાના ભય સામે આજે જિલ્લા કલેકટરશ્રીએ તંત્રને મિશન મોડ પર મુકી આરોગ્ય વિષયક સેવાઓના સઘનીકરણ પર ભાર મુકયો છે.

ભારે વરસાદ બાદ આજે જિલ્લા કલેકટર ડૉ. સ્વરૂપે પ્રથમવાર મ્યુનિ. કમિશનરશ્રી, માર્ગ મકાન વિભાગ તેમજ આરોગ્ય તંત્રના અધિકારીઓની એક સંયુકત બેઠક યોજી તંત્રને જનહિતમાં મિશન મોડ પર કામ કરવા જણાવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રીએ શહેરના જુદા જુદા ૪૦ જેટલા વિસ્તારોમાં થતા વોટર લોગીંગ ને અત્યંત ગંભીરતાથી માર્ગ મકાન વિભાગને આ મુદ્દે તાત્કાલિક અસરકારક કામગીરી ગુરુવાર સુધીમાં અહેવાલ આપવા પણ સૂચવ્યું છે. તેમણે વિવિધ સેકટરોના ખાલી આવાસોની પાણીની ટાંકીની સફાઈ માટે પણ ઝુંબેશના રૂપમાં કામગીરી કરવા અને મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા એન્ટી લારવેલની કામગીરી આરોગ્ય ટીમને સાથે રાખી કરવા જણાવ્યું હતું.

આજની આ બેઠકમાં જે સેકટરમાં વોટર લોંગીગની સૌથી વધુ સમસ્યાઓ છે તેવા સે-૧૫, ફતેપુરા, સે-૨૪, સે-૨૩, જલસેવા ભવન, આઈ.ટી.આઈ. કેમ્પસ, સે-૩, ૪, ૫, ૬, ૮, ૧૧, ૧૩, ૧૪, ૨૬ અને ૨૭ અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં સ્થિતિની સમીક્ષા કરવા સૂચવ્યું હતું.

આ ઉપરાંત બંધ ખાલી આવાસો ખાસ કરીને સે-૩૦, ૨૯, ૭ અને ૩ માં જે સ્થિતિ છે તેને ચકાસવા અને આરોગ્ય તંત્રને સાથે રાખી કામગીરી કરવા માટે જણાવ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રી એ કન્સ્ટ્રકશન સાઈટોને વારંવાર ચેતવણી પછી પણ એન્ટી લારવેલની અસરકારક કામગીરી નહિ થતી હોવા સામે નારાજગી વ્યકત કરી અને કાર્યપાલક ઈજનેરશ્રીને તેમની કક્ષાએ કોન્ટ્રાકટરો સાથે એક જ સપ્તાહમાં બેઠક છેલ્લી વાર યોજી એન્ટી લારવેલની કામગીરી કરવાની સૂચનાઓ આપવા જણાવ્યું છે. આ પછી જો તપાસમાં મચ્છરોની ઉત્પત્તિ આ સાઈટો પર જણાશે તો તે બાંધકામ સાઈટો સીલ કરવામાં આવશે તે મુદ્દે તંત્ર કોઈની પણ શેહશરમ નહિ રાખે.

તેમણે શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે અલગ સ્ટ્રોમ લાઈનનું નેટવર્ક ઉભું કરાયું હોવા છતાં વોટર લોંગીગ થતું હોવા અંગે પણ નારાજગી વ્યકત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર



આજથી દશામાના વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે. સાંઢણી પર બિરાજમાન દશામાની સુંદર મૂર્તિઓ ભક્ત અને શ્રદ્ધાળુઓ પોતાના ઘરે લઈ જઈ પોતાના પરિવારની સુખ-શાંતિ માટે પધરામણી કરે અને પૂજન-અર્ચન કરે છે..... (તસવીર : કશ્યપ નિમાવત)

# જમીનના દસ્તાવેજોની કામગીરી સાથે હવે વિડીયો રેકોર્ડીંગ પણ કરાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકામાં જમીનના દસ્તાવેજોની નોંધણીની સમગ્ર પ્રક્રિયાનું વિડીયો રેકોર્ડીંગ કરાશે અને તબક્કાવાર જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ આ પ્રથમ દાખલ કરાશે.

જિલ્લા કલેકટરશ્રી સ્વરૂપે આજે આ અંગે જણાવ્યું હતું કે જમીનના દસ્તાવેજો અંગેની ફરિયાદોનું પ્રમાણ મોટુ હતુ આથી આધુનિક ટેકનોલોજી દ્વારા તેના નિરાકરણની દિશામાં તંત્રએ આ મહત્વનું કદમ ઉઠાવ્યું છે.

સબરજીસ્ટ્રારની કચેરીમાં દસ્તાવેજની નોંધણી વખતે આ વિડીયો રેકોર્ડીંગ કરાશે. જેમાં દસ્તાવેજ કરનાર વ્યક્તીને પાંચ થી છ જેટલા પ્રશ્નો કરી તેનું રેકોર્ડીંગ કરાશે જેમાં જમીનનો સર્વે નંબર, તેનું ક્ષેત્રફળ, દસ્તાવેજનું અવેજ કેટલુ મળ્યું ? સહિ કરનાર તે પોતે છે કે કેમ ? જેવી બાબતોનો સમાવેશ કરાયો છે.

આ રેકોર્ડીંગ કરેલી સંપૂર્ણ વિગતો હાર્ડ ડિસ્કમાં રખાશે અને જ્યારે પણ જમીનના મુદ્દે જો કોઈ અરજીઓ આવે તો તેની સાથે તેને મેળવવામાં આવશે.

આવી કામગીરી વડોદરા કલેક્ટર કચેરી દ્વારા અપનાવવામાં આવી છે. આ કાર્યપદ્ધતિનો જિલ્લાતંત્ર દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો હતો અને પ્રાયોગિક ધોરણે તેનો પ્રારંભ ગાંધીનગર તાલુકાથી કરાયો છે. તબક્કાવાર તે જિલ્લાના ચારેય તાલુકામાં અપનાવવામાં આવશે.

આ પ્રકારની કાર્યપદ્ધતિને કારણે સીટ સમક્ષ જમીનના મુદ્દે થતી છેતરપીંડીની ફરિયાદોમાં ઘટાડો થશે. જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે સીટ સમક્ષ હવે ફરિયાદોની સંખ્યા લગભગ ૧૫૦ જેટલી છે.

જિલ્લા મહેસુલી તંત્રએ અપનાવેલી આ નવી પદ્ધતિનો અમલ શરૂ થઈ ચુક્યો છે. તંત્રએ પહેલા કાચી નોંધ પણ ૩૦ મિનિટમાં પાડી આપવા માટેનો પરિપત્ર કર્યો હતો. આ પછી આ બીજો મહત્વનો નિર્ણય અમલી બનાવ્યો છે.

# ઈશરત કેસ મામલે પાંડેના જામીન પર આજે મહત્વપૂર્ણ ચુકાદો

## આગોતરા જામીન અરજીમાં બંને પક્ષોની દલીલો પરિપૂર્ણ

અમદાવાદ, તા.૦૫

રાજ્ય સહિત દેશભરમાં ચકચાર જગાનાર ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા આઈપીએસ ઓફિસર પી.પી. પાંડેની આગોતરા જામીન અરજીમાં બંને પક્ષો વચ્ચે દલીલો પૂર્ણ થઈ ગઈ છે. હવે આવતીકાલે આગોતરા જામીન અરજીનો ચુકાદો જાહેર થશે.ઈશરત કેસમાં વચગાળાના આગોતરા જામીન ઉપર મુક્ત કરાયેલા ગુજરાત પોલીસના આઈપીએસ અધિકારી પી.પી. પાંડેની આગોતરા જામીન અરજીમાં બંને પક્ષો વચ્ચે ધારદાર દલીલો થઈ હતી જેમાં સીબીઆઈના વકીલે દલીલો કરતા જણાવ્યું હતું કે આ કેસમાં અમે અમારી મરજી મુજબ તપાસ કરી નથી પરંતુ અમે ગુજરાત હાઈકોર્ટના દિશાનિદેશ આદેશ અનુસાર તપાસ કરી રહ્યા છીએ. પી.પી. પાંડે આટલા સમયથી નાસતા ફરતા હતા તેમને તપાસમાં સહકાર આપ્યો નથી. ઉપરાંત જો પાંડેને આગોતરા જામીન મળી જશે તો આ કેસ રફેદફે થઈ જવાની સંભાવના છે. બીજી તરફ પાંડેના વકીલે એવી દલીલ કરી હતી કે જો સીબીઆઈ ઉચ્ચ પોલીસ અધિકારીની આ રીતે ધરપકડ કરવામાં આવશે તો પોલીસનું મોરલ ડાઉન થઈ શકે છે. ગુજરાતના પોલીસ અધિકારીઓને બદનામ કરવા સીબીઆઈનું આ એક કાવતરું લાગે છે. ઉપરાંત પી.પી. પાંડે આ અગાઉ નિવેદન આપી ચૂક્યા છે તેથી તેમની ધરપકડની જરૂર નથી. તેથી તેમને આગોતરા જામીન આપવા જોઈએ. બંને પક્ષોએ કોર્ટનાં દલીલો પૂર્ણ થઈ ચૂકી છે હવે આવતીકાલે પી.પી. પાંડેના ભાવિનો ફેંસલો થશે.




# કચ્છમાં શીખ ખેડૂતોને કોઈ અન્યાય કરાયો નથી

## શીખ ખેડૂતોને અન્યાયના અહેવાલને મોદીનો રદિયો : પંજાબના મુખ્યમંત્રી બાદલ સાથે મોદીની જુદા જુદા વિષયો પર ચર્ચા : શીખ પ્રતિનિધિ મંડળ પણ અભિગમથી સંતુષ્ટ

ગાંધીનગર, તા.૫

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ સાથે જુદાજુદા વિષય પર વાતચીત કરી હતી. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કચ્છમાં વસેલા પંજાબના શીખ ખેડૂતો પ્રત્યે રાજ્ય સરકાર અન્યાય અને ભેદભાવવાળું વલણ દાખવી રહી હોવાના અહેવાલોને રદિયો આપ્યો હતો અને કહ્યુ હતુ કે અન્યાયની વાત રાજકીય દ્વેશભાવથી ફેલાવવામાં આવી રહી છે. મોદીએ બાદલને કેટલીક ખાતરી આપી હતી.

નરેન્દ્ર મોદીએ, આ સંદર્ભમાં પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલ સાથે વિગતવાર વાતચીત કરીને સ્વંયસ્પષ્ટ હકીકતોથી માહિતગાર કર્યા હતા અને જણાવ્યું હતું કે કચ્છમાંથી શીખ ખેડૂતોને પંજાબ પાછા ફરવા માટેનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને રાજ્ય સરકારે આ અંગે શીખ ખેડૂતોને કોઈ જ પ્રકારનું દબાણ કરેલું નથી. ગુજરાતના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલનું એ હકીકત તરફ ધ્યાન દોર્યું હતું કે ગઈકાલે સાંજે જ શીખ સમુદાયના પ્રતિનિધિઓ તેમને ગાંધીનગરમાં રૂબરૂ મળ્યા બાદ અને રાજ્ય સરકારના અભિગમ અંગે સંતોષ વ્યક્ત કર્યો ત્યારે શીખ ખેડૂતો કચ્છ સહિત ગુજરાતમાં શાંતિથી રહે એ માટે રાજ્ય સરકાર બધા જ પ્રયાસો કરે છે.

વાસ્તવમાં, આ સમગ્ર બાબત તો તત્કાલીન કોંગ્રેસ સરકારે બનાવેલા ૫૦ વર્ષ પહેલાના અધિનિયમ અને તે અન્વયે ૧૯૭૩માં બહાર પાડેલા પરિપત્રના અમલ અને અર્થઘટનના કારણે ઉભી થઈ છે અને અત્યારે આ બાબત ન્યાયાધીન છે, તેમ છતાં વર્તમાન રાજ્યમાં તેનું સુસંગત રહીને, શીખ ખેડૂતોની જમીનના મુદ્દે અન્યાય ના થાય તે જોવા પ્રતિબદ્ધ છે.શીખોના આ પ્રતિનિધિઓના આગેવાનોએ પણ મુખ્યમંત્રીને જણાવ્યું હતું કે ગુજરાતમાં તેઓ સુમેળ અને શાંતિથી રહે છે. કચ્છના લખપત શીખ શમાજના જુગરાજસિંહે પણ મુખ્યમંત્રીને પત્રમાં જણાવેલું છે કે કચ્છ જિલ્લામાં શીખ સમુદાય અન્ય તમામ જનસમુદાયો સાથે સુમેળભર્યા વાતાવરણમાં રહે છે અને રાજ્ય સરકારની વિવિધ યોજના લાભો મેળવે છે.





LCD TV
રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.
ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧



વેલકમ
હમ દિલસે કરતે હૈ...
હોટલ ઘુંઘટનું નવું વધુ એક સોપાન
નવવિકસીત ગાંધીનગરમાં
હોટલ મીડલ ટાઉન
ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્કીમ+ કોલ્ડ્રીંક
ખાસ
એકઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦
તથા રહેવા માટે સર્વોત્તમ રૂમની સગવડ એ.સી. / નોન એ.સી. તથા સ્યુટરૂમ
એ.સી. બેન્કવેટ હોલ
● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા
પ્રમુખ આર્કેડ
ફોન : ૦૭૯-૨૯૨૯૮૮૮૭, ૨૩૨ ૧૩૮૮૭ ● મો. : ૯૪૦૯૨ ૮૮૮૮૩
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com